

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




આપે મનોરંજન, આનંદ, જીવનનો અર્ક છે,
સુરક્ષિત સંસ્કારી નોરતાં જીવનનો અર્ક છે,
જીવનનો અર્ક છે સાહિત્ય-કથા-વાર્તા-નાટક
'કલ્ચરલ ફોરમ'ની સેવા, જીવનનો અર્ક છે..
(કલ્ચરલ યુનિ. તરફ પદાર્પણ)




હૈ શરૂઆત,
અચ્છે દિન કી, આયા
નયા 'અંદાઝ'

લેવાનાં રહ્યાં -
જર્જરિત વસ્ત્રમાં -
રંગી થીગડાં..

## ચિંતન

**હર્તુર્યાતિ ન ગોચરં કિમપિ રાં પુષ્યાતિ સર્વાત્મના । હર્થિભ્યઃ પ્રતિપાદ્ય માનમનિશં પ્રાપ્રોતિ વૃદ્ધિ પરાન્ કલ્પાન્તેષ્વપિ ન પ્રયાતિ નિધનં વિદ્યાખ્યમેતદ્વનં યેષાં તાન્પ્રતિ માનમુંજ્જત નૃપાઃ કસ્તૈ સહ સ્પર્ધતે ॥**

'હે રાજા! ધન ચોરી જનારા ચોરોની નજરે જે ચઢતુ નથી એવું ધન, જે સર્વ પ્રકારે નિશ્ચિંત રીતે સુખ અને પોષણ આપે છે એવું, યાચકોને આપ્યાં છતાં પણ દિન-પ્રતિદિન જેમાં વધારો જ થયા કરે એવું, અને જ્યારે કલ્પનો ના થાય ત્યારે પણ સંસ્કાર અને જ્ઞાન સ્વરૂપ આત્માની સાથે જ જતું હોવાથી અવિનાશી એવું, આ પ્રકારનું વિદ્યારૂપી ધન, સર્વોત્તમ અને આ પ્રકારનું વિદ્યારૂપી ધન જેની પાસે છે એવા વિદ્વાનો પાસે જઈને તમારાં અભિમાન દૂર કરો. આવા વિદ્યારૂપી ધનવાનોની સાથે કોણ સ્પર્ધા કરી શકે?'

આ પદ આમ તો મીરાબાંઇએ રચેલી રચના 'પાયો જી મૈંને રામ રતન ધન પાયો' ની સમાનાર્થી છે. જો કે આ શ્લોક પ્રાચીન છે તેથી જે બાબત 'વિદ્યા'ને લાગુ પડે છે એ જ બાબત પણ 'રામ' નામને પણ લાગુ પડે છે.

વિદ્યા ધન અમૂલ્ય, અને સનાતન છે. જીવનમાં કલ્પવૃક્ષ છે. અક્ષય અને અવિનાશી છે.

## સુવિચાર

- હે ઇશ્વર!! મારી વાસના પર ઉપાસના હાવી થાય, મારી ઝંખના પર તૃપ્તિ હાવી થાય, મારી લાલસા પણ કરૂણા હાવી થાય તેવી કૃપા સતત વરસાવજો જેથી મારૂં મોત સુધરી જાય **- હિતેન આનંદપરા**
- પોતાની શક્તિઓ પર સંપૂર્ણ વિશ્વાસ રાખો.. તમારી ઇચ્છાઓ કયારેક આજે નહીં તો કાલે વહેલા મોડા પૂર્ણ થશે જ.. તમારો આત્મવિશ્વાસ લક્ષ્ય પ્રાપ્તિની ટોચ પર તમને એક દિવસ જરૂર લઇ જશે. **- એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ અને જ્ઞાન ઉર્ધ્વ ગામી હોઇ મને સ્વર્ગ ભણી લઇ ગયા હતા કરૂણા અને અનુકંપા એ હંમેશા મને ધરતી તરફ આકર્ષ્યા **- બર્ટ્રાન્ડ રસેલ**
- સરમુખત્યાર શાહીનું અમોઘ શસ્ત્ર તેની ગુપ્તતામાં છે... પણ લોકશાહીનું શ્રેષ્ઠ શસ્ત્ર તેનાં ખુલ્લામાપણામાં હોવું જોઇએ **- અબ્રાહમ લિંકન**
- સારો બાણાવળી પોતાના ધનુષ્ય બાણને કારણે નહીં.. પણ પોતે તાકેલા નિશાનોની પસંદગીના કારણે વખણાતો હોય છે **- થોમસ ફુલર**
- સત્યનું સતત આચરણ કરવું એ જ સત્યની ઓળખ છે **- માર્ટીન લ્યુથર**
- શત્રુઓને પ્રેમ કરવાની વાત બાજુ પર રાખી, મિત્રો સગાસંબંધીઓ ને જ વધુ સારી રીતે ચાહતાં શીખી જઇએ તો કેવું **- જર્મન કહેવત**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જે સ્વૈચ્છિક સંસ્થા સાચી સેવા ભાવનાથી અને સરકારી ફંડ-ગ્રાંટની અપેક્ષા વિના સમજાપયોગી કામ કરે છે. એને નાણાંની કદાપિ તંગ્રી-અછત નડતી નથી. ગાંધીનગરની સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ આનું આદર્શ ઉદાહરણ છે. માત્ર સભ્યોની નાણાંકીય મદદથી જ મોટાં કામ થાય છે.

પાદરી સંત સોલારીસ એક રવિવારીય પ્રાર્થના સભામાં બોલતા હતા. એમણે કહ્યું - 'મારી પાસે જો દસ લાખ ડોલર હોય તો હું એક એવી કોલેજ ખોલવા ઇચ્છુ છું જેના શિક્ષણ ઉપરાંત, ધર્મ અને જીવનમૂલ્યોનું સાચું શિક્ષણ પણ મળે.'

આ વાત પાદરીએ એવી હૃદયપૂર્વક અને કરૂણાસભર અપીલ સાથે મૂકી કે શ્રોતાઓની આંખમાં અશ્રુ આવી ગયાં.

બીજે જ દિવસે એક શ્રીમાન ફિલીપ આર્થર દસ લાખ ડોલરનો ચેક લઇ પાદરી પાસે હાજર થયા અને કહ્યું કાલે હું પ્રાર્થન સભામાં હાજર હતો - અને આપની અપીલ સાંભળી છે - આ એક સ્વીકારી આપની કલ્પના મુજબની કોલેજ શરૂ કરો..

.. અને આજે પણ 'આર્થર ઇન્સ્ટીટયુટ ઓફ સોસિયલ-સાંયન્સ' નામની શૈક્ષણિક સંસ્થા પાદરી સોલારીસના સપનાને સાર્થક કરતી હયાત છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# મોર 'વન્સમોર' થી પર છે

## 'કાર્ડિયોગ્રામ' પંદરમી આવૃત્તિ



મારા અસ્તિત્વને ઝોકું આવી જાય
અને
નિ:શબ્દતા હચમચી ઉઠે ત્યારે
ખરી પડેલા શબ્દોને
વીણી વીણીને
હું કાગળ પર પાથરી દઉં છું.


**- ગુણવંત શાહ**

ઉપરોક્ત પંક્તિઓ લેખકના 'કાર્ડિયોગ્રામ' નિબંધ સંગ્રહમાંથી લેવામાં આવી છે. કાર્ડિયોગ્રામ નિબંધ સંગ્રહની પ્રસ્તાવના મુ. યશવંત શુક્લ એ લખી છે. તેઓ નોંધે છે કે - નિબંધો વાંચતા સમજાઇ રહેશે કે આમાં માણસ જાતનો કાર્ડિયોગ્રામ લીધેલો છે. માણસજાતની સંવેદનશીલતાનો ગ્રાફ આપવાનો આ એક રસપ્રદ ઉપક્રમ છે. કાર્ડિયોગ્રામનું મશીન તે લેખકનું પોતાનું અત્યંત વેદનશીલ ચિત્ત છે. કાર્ડિયોગ્રામ સતત જે રિપોર્ટ આપતો રહ્યો છે. તે નિસર્ગ અને નૈસર્ગિકતાથી કપાતો રહેલો મનુષ્ય વધુ ને વધુ સંવેદનબધિર થતો ચાલ્યો છે. તેને લગતો છે. મનુષ્યની ટ્રેજી - કોમેડી છતાં પોતે આસ્વાદ્ય છે. આપણી વિસંગતીઓ અને બેવકૂફીઓ પણ આપણે હસી રહીએ એની કુશળ વ્યવસ્થા લેખકે કરેલી છે.

ડો. ગુણવંતભાઇ શાહ ગુજરાતમાં એક જાણીતું નામ છે. એમના પુસ્તકો એમનાં વિચારોનું પ્રતિબિંબ છે. નિબંધો અને લેખો દ્વારા ગુજરાતની પ્રજાને કાંઇક નવું પીરસતાં રહ્યાં છે. વાચકોએ એમના લખાણોને, વિચારોને પોંખ્યા છે. એના પરિપાક રૂપ કાર્ડિયોગ્રામ નિબંધ સંગ્રહની પંદરમી આવૃત્તિ થવા જઇ રહી છે. ત્યારે આવી અદ્‌ભૂત ઘટનાની નોંધ 'મેઘધનુષ'માં ના લેવાય એ શી રીતે બને? માર્ચ ૧૯૭૭ની પ્રથમ આવૃત્તિને તથા ૨૦૧૪માં પંદરમી આવૃત્તિ થઇ રહી છે ત્યારે વાચકોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળે છે. ગુણવંત શાહ આ બાબતે કહે છે કે 'વાચકોએ આ પુસ્તકને ખોબલે ખોબલા ભરીને ઉમળકો આપ્યો છે. 'કાર્ડિયોગ્રામ' શબ્દ હવે નવા અર્થમાં ગુજરાતી બની ગયો છે.' ડો. ગુણવંત શાહને જેમણે સાંભળ્યા છે, એમની સાથે જેમણે કોઇને નિરાંતે વાત માંડી છે તેમને સૌને તેમના પ્રસંગ, ચકોર, પ્રત્યુત્પન્નમતિપૂર્ણ, નિખાલસ અને અખિલાઇભર્યા વ્યક્તિત્વનો પારસ સ્પર્શ થયો જ છે. આ સમગ્રના નિબંધો માણવાનો લ્હાવો જેમણે જેમણે છેલ્લા દસકામાં લીધો છે તેમને પણ આ સંગ્રહ સારૂગંધ, ચંદનકાષ્ટની જેમ પુન: પુન: આનંદ અર્પનાર છે. લેખકના નિબંધોમાં વ્યંગ અને વેધક શૈલી જોવા મળે છે.

## મેઘધનુષ

**- ડો. સંતોષ દેવકર**




ભવિષ્યમાં ટાઇપ કરવા માટે અક્ષરો ઓળખતા આવડે એટલું જ પૂરતું બને. બાળકોને આંક પાકા કરાવવા માટે મરી પડનારા મા-બાપ તથા શિક્ષકોને ભવિષ્યમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર લખીને અને ગણીને કરવાની જરૂર નહિ રહે. ગજવામાં રહી શકે તેવું વિદ્યુત ગણતરી યંત્ર હવે માંડ બસો રૂપિયામાં મળે છે. આમ લેખન અને ગણનના ભાવ ભવિષ્યમાં ઘટતા જશે. (પાના નં.૮૦)

આજે દરેક પાસે મોબાઇલ અને ટેબલેટ પહોંચી ગયા છે. ઉપરોક્ત ફકરો આજથી આશરે ૩૮ થી ૪૦ વર્ષ પહેલાં લખાયેલો છો. જે આજે પણ એ એટલું જ પ્રસ્તુત લાગે છે. અન્ય એક લખાણ વાંચો :

પુષ્પ એ પ્રચારક નથી, પ્રસારક છે. પ્રચાર કરનારો અવિચળ કે સ્થિર નથી હોતો. પુષ્પ પાસે સુગંધ છે, રંગ છે અને ભવ્યતા છે. આ બધું કોઇકને પહોંચાડવાની ચેષ્ટા એ નથી કરતું એની ભવ્યતા આસપાસ પ્રસરે છે કારણ કે 'એ' છે. કોયલ ટહુકે છે. પણ તે પ્રેક્ષકો માટે નથી ટહુકતી, ટહુકો એના અસ્તિત્વનો એક અંશ છે. કોયલના ટહુકામાં અને સંગીતકારનાં ગીતમાં આટલો તફાવત છે. કોયલનું સંગીત પ્રચરતું નથી, એ તો પ્રસરતું રહે છે. પ્રચારમાં અપેક્ષા છે, આકાંક્ષા છે, પ્રસારમાં નિજાનંદ છે, મસ્તી છે. (પાના નં. ૮૪)

૧૯૭૭માં લખાયેલા આ પુસ્તકના વિચારો કાળાતીત છે. તે વખતે લખાયેલાં વિચારો આજે પણ એટલાં જ પ્રસ્તુત છે. જુઓ એક નમૂનો :

બી.એડ્. પીટીસી હવે ડી.એડ્. ના તાલીમાર્થી શિક્ષકોને વરસમાં ત્રીસ પાઠો આપવાનાં હોય છે. કેટલાક તાલીમાર્થીઓ એવા હોય છે કે જેમનો ત્રીસમો પાઠ પહેલા પાઠ કરતાં જરા પણ ચઢિયાતો નથી હોતો. આવા તાલીમાર્થીઓ પણ પાસ થતા હોય છે. (હવેની પરીક્ષાઓમાં 'નાપાસ' થવું લગભગ અશક્ય બની ગયું છે.) આપણું પણ કદાચ આવું જ બને છે. પાઠ સુધરતો નથી અને જીવન પાસ થઇ જાય છે.

- પગારમાં મળનારા વધારાની પ્રતિક્ષા કરવામાં માણસની નિરાંતનું અગ્નિસ્નાન થયા કરે છે.
- મોરનો ટહુકો ફરમાઇશથી પર છે તેથી જ હજી મીઠો રહી શક્યો છે. મોર 'વન્સમોર'થી પર છે.

આ પુસ્તકોના પ્રકરણોનાં મથાળા રસપ્રદ છે : જગતનું સૌથી વિચિત્ર પ્રાણી : માણસ, અસ્વચ્છતા આપણો રાષ્ટ્રીય રોગ, બોસની ત્રણ મુદ્રાઓ, તાણેલી પણછ જેવું જીવન, અભણ સરસ્વતી, નેતાને અનુસરતા ડબ્બાઓ, પુષ્પોનો અનાથાશ્રમ, ભર વરસાદમાં કોરો રહે તે વ્યવહારૂ, વગેરે...

આ નિબંધો તત્વ ચર્ચાનાં નિબંધો નથી. એમાં એક મનોભાવ ઘૂંટાયેલો પડ્યો છે. એક શ્રદ્ધા ઉદ્‌ગારાઇ છે. મનુષ્ય વિષેની લાંબા ગાળાની હિતચિંતાનો એમાં વિસ્તાર થયેલો છે. માણતજાત જેવી છે તેવી તેની સ્વીકૃતિ છે અને એને વિશેની ચિંતા અને સહાનુભૂતિ એ જ તો એમના લખાણની પ્રેરણા છે.

લેખક વાચકને જરા થંભી જવા, જરા આસપાસ નજર કરવા, જરાક પોતાની અંદર દૃષ્ટિપાત કરવા, જરાક પોતાના સંદર્ભ શોધવા અનુનય કરે છે અને પ્રેમશક્તિ વિસ્તારવા વીનવે છે. નિબંધિકાઓનાં આસ્વાદનું મુખ્યશ્રેય જ આ ગદ્યકાવ્યો કે નિસર્ગચિત્રો છે.

આ પુસ્તકમાં પોતાને થયેલા સૌંદર્યબોધનાં કેટલાય ગદ્યકાવ્યો આલેખાયાં છે. ખાસ કરીને ગુજરાતના યુવા વાચકો લેખકના ચાહકો રહ્યા છે. તેમની શૈલી ઉત્સાહ પ્રેરક છે અને શબ્દના અર્થને નવો ઉઘાડ આપે છે. તેમનાં વક્તવ્યોમાં ચિક્કાર હોલ હોય અને શ્રોતાઓમાં યુવાનો વધુ હોય એ બાબત સામાન્ય બનતી જાય છે.

હજી આજે પણ જયારે વક્તા તરીકે પોતાની નાદુરસ્ત તબિયતને કારણે જવાનું ઓછું કર્યું છે છતાં વાચકો નિકાશ ન થાય તે માટે તેમના પ્રવચનોની સીડી પુસ્તક સાથે બજારમાં મુકવામાં આવી છે. કૃષ્ણમ શરણમ્ ગચ્છામિ અને કાન દઇને સાંભળો પુસ્તકો સાથે પ્રવચનની સીડીઓ મૂકવામાં આવી છે. લલિત નિબંધોનાં વિશ્વનાં બનેલ આ ઘટનાને વધાવીએ.

લલિત નિબંધોનું પુસ્તક કાર્ડિયોગ્રામ પંદરમી આવૃત્તિની અદ્‌ભૂત ઘટના લઇને આવે છે ત્યારે આ પુસ્તક આપણી પોતીકી લાઇબ્રેરીમાં ન હોય તો જ નવાઇ?

**મિસરી :**

પથ્થર પણું
વચમાં લાવ્યા વગર
મૂર્તિને પ્રણામ કરીએ
તેને
દર્શન કર્યા કહેવાય

**- એસ. એમ.એસ. - નિલેશ જોશી**

# દેશમાં સૌ પ્રથમ ઓનલાઇન લેખીત, મૌખીક ફરીયાદ નોંધાવી શકાશે

ગુજરાતમં કાયદાની જાગૃતિ માટે સદાય અગ્રેસર રહેલ છે તેમાં એક ઓર મોરપીંછનું ગુજરાત સરકારે ઉમેરો કરેલ છે દેશમાં પ્રથમવાર સાણંદ ખાતે સુરક્ષા સેતુ અંતર્ગત સુરક્ષા સેતુ ફરીયાદ નિવારણ કેન્દ્રનું ઉદ્‌ઘાટન તાજેતરમાં જ કરવામાં આવ્યું છે કયારેય લેખીતમાં ફરીયાદ આપવા છતાં પોલીસ અધિકારીઓ દ્વારા ફરીયાદ લેવામાં આનાકાની કરી ફરીયાદ લેવાનું ટાળવામાં આવતું ફરીયાદ નિવારણ કેન્દ્રમાં કોમ્પ્યુટર દ્વારા કોઈપણ ફરીયાદો પોતાની ફરીયાદ વિડિયો, ઓડિયો અથવા તો લેખીત સ્વરૂપે રેકર્ડ કરી શકશે જેને એફઆઈઆર તરીકે ગણવામાં આવશે જે ફરીયાદ સીધેસીધી ડીવાયએસપી, એસપી અને પીઆઈ અને પીએસઆઈ સુધી ડાયરેકટ મેઈલ દ્વારા પહોંચાડવાની વ્યવસ્થા ફરીયાદ નિવારણ કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ છે તેમજ આ રીતે ફરીયાદ રેકોર્ડ કરનાર ફરીયાદીને તાત્કાલિક તે મતલબની સ્લીપ પણ ફરીયાદ નિવારણ કેન્દ્ર દ્વારા ઓનલાઈન મળી શકશે.

જીલ્લા પોલીસ તંત્ર દ્વારા ફરીયાદ ના નોંધવાની અસંખ્ય ફરીયાદ મળતા જીલ્લા એસપી દ્વારા આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે જેનાથી ફરીયાદને પોલીસ વિરૂધ્ધ કોઈ જ ફરીયાદ નહી રહે એક લાખ રૂપિયામાં તૈયાર કરવામાં આવેલા આ મશીનથી સફળતા મળતા રાજયમાં દરેક પોલીસ મથકે આ પ્રયોગ કરવામાં આવશે તેમજ ઓનલાઈન ફરીયાદ કરવા માટે ફરીયાદી પાસે એક કરતા ઘણા બધા વિકલ્પ ઓડિયો, વિડિયો, વિઝયુલાઈઝ દ્વારા લેખીત, મૌખીક ફરીયાદ નોંધાવાની રહેશે. ફરીયાદ આ સ્કીન દ્વારા ફરીયાદના સિમ્બોલ પર કિલક કરશે કે તરત જ વેલકમ ચાલુ થશે અને બે મિનિટનો વિડિયો રેકોર્ડ થઈ જશે. વિડિયો દ્વારા રેકોર્ડ થયેલ આ ફરીયાદ સીધી જ કન્ટ્રોલ રૂમ, જીલ્લા એસપી, ડીવાયએસપી, પીઆઈ, પીએસઆઈને સીધી પહોંચી જશે ત્યારબાદ મશીનમાંથી ફરીયાદ નોંધણી અંગેની સ્લીપ પણ નિકળશે અને મેસેજ પણ મળશે. લોકોને આ સિસ્ટમથી ખાસ્સો ફાયદો થશે ફરીયાદ નિવારણ કેન્દ્રથી હવે મહિલા અને વૃધ્ધોને લગતા મુદ્દાઓની ફરીયાદ પોલીસ ન નોંધે તો આ ફરીયાદ કેન્દ્રમાં ફરીયાદ નોંધાવી શકાશે આ પ્રકારનું સર્વ પ્રથમ સેન્ટર સાણંદ પોલીસ મથકની બહાર ખોલવામાં આવેલ છે અને દેશનું સૌ પ્રથમ રેકોર્ડીંગ ફરીયાદ મશીનનું લોકાપર્ણ રાજયના ગૃહ મંત્રીશ્રી રજનીકાંતભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ જે પ્રસંગે એસપી ગગનદિપ ગંભીર જીલ્લા પોલીસ વડા, ગૃહ સચિવ શ્રી એસ. કે. નંદા ડીસીપી પી.સી. ઠાકુર તેમજ સાણંદના ધારાસભ્ય પણ હાજર રહી દેશના સૌ પ્રથમ રેકોર્ડીંગ ફરીયાદ મશીનને જાહેરજનતા માટે ખુલ્લુ મુકવામાં આવતા જીલ્લાની જનતામાં વૃધ્ધો તથા ખાસ કરીને પોલીસ સ્ટેશનમાં જતા ડરતા તેમજ પોલીસનો ફરીયાદ ના લેવાની માનસીકતા જેમના ઉપર પડેલ છે તેમજ આ છાપના કારણે ઘણીવખત મહિલાઓ વૃધ્ધો પોતાને થયેલ અન્યાય સામે ફરીયાદ કરવાનું ટાળી અન્યાય સહન કરે છે અને ફરીયાદ સાચ હોવા છતાં કરતા નથી આવી માનસીકતા ધરાવતા લોકો ફરીયાદ કરવાના ડરમાંથી બહાર આવી પોતાને થયેલ અન્યાય સામે નિર્ભયતાથી અવાજ ઉઠાવી ન્યાય મેળવી શકશે. ગુજરાત સલામતી માટે નંબર વન ગણાય છે ટેકનોલોજીનો આ પ્રકાર નો ઉપયોગ કરતુ ગુજરાત પ્રથમ રાજય છે. ગુજરાતના મહિલા મુખ્યમંત્રીશ્રીએ કાયદો વ્યવસ્થા જાળવવા સલામતી ભર્યા પગલા લીધેલ છે ઘણીવખત મહિલાઓ પોતાની ઉપર થયેલા દૃકૃત્ય કોઈની સામે કહેતા પણ સંકોચાતો હોય તેમજ ઓળખાણનો ડર સતાવતો હોય ત્યારે વિડિયો રેકોર્ડીંગ દ્વારા માત્ર મશીન સામેજ પોતાને થયેલ અન્યાય વિરૂધ્ધ અવાજ દ્વારા પોતાની ફરીયાદ ઓનલાઈન નોંધાવી ન્યાય મેળવી શકશે. સમાજના ડર સંકોચ ઈજત આબરૂને કારણે ઘણીવખત સમાજના પ્રતિષ્ઠીત લોકો પણ કોઈના અન્યાયનો ભોગ બનેલ હોવા છતા ઈજત આબરૂના કારણે પોતાની સામે થયેલ ઠગાઈ કે છેપરપીંડી તેમજ લુંટની ફરીયાદ સીધી પોલીસ મથકે કરવા જઈ શકતા નથી તેવા કિસ્સાઓમાં આ ફરીયાદ નિવારણ કેન્દ્ર ચોકકસ ન્યાય અપાવશે તે નિશ્ચિત બાબત છે.

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



# 'હા, બેટા, તારામાં પણ ભગવાન છે... ભગવાનને બાળકો બહુ ગમે... બાળકો ભોળાં ભોળાં હોય ને?' દાદીએ નિરાલીને ખોળામાં બેસાડી, એના મોંમાં પ્રસાદ મૂક્યો, એને ચૂમી લીધી?

## નટખલ નિરાલી

**(બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)**

**નિરાલી કાનુડી બની ગઇ**

**- પ્રજ્ઞા પટેલ**

રોજની આદત મુજબ અમીબહેને નિરાલીના નાસ્તાનો ડબ્બો ભર્યો. થોડી વાર પહેલાં જ નિરાલી રસોડામાં આવીને મમ્મીને બે હાથે ગળે વળગી પડી હતી, ટહુકી હતી...

'અમી તું સમજતી કેમ નથી?' મમ્મી તો એના સામે જોઇ જ રહેલી.

'સોરી... સોરી... અમી એટલે કે મમ્મી ને મમ્મી એટલે કે અમી... પપ્પા પણ તેને અમી જ કહે છે ને!'

'તે તું પપ્પા છે?' મમ્મી એના હાથ છોડાવતાં બોલી.

'તે પપ્પા કે મારા? મને તો એ જ સમજાતું નથી કે.. તું ઘણી વખત બોલતી હોય છે ને કે પપ્પા આવી ગયા? પપ્પાની ઓફિસબેગને અડીશ નહીં. પપ્પાને કહે... એમનો ફોન છે... આજે તો પપ્પા ખુશ છે... તે હેં મમ્મી, તારા પપ્પા તો... સોરી, મારા નાનાજી તો ગામડે છે, પણ તને બહુ યાદ આવતાં હશે, નંઇ?'

'તે શું છે? સાની રામાયણ માંડી છે?' મમ્મી ખિજાઇ ગઇ.

'અમી, એમાં આમ ચીડાય છે શું? હસ તો, તું તો હસતી હોય ત્યારે ખુબ સુંદર લાગે છે.' નિરાલી રસોડાના પ્લેટફોર્મ પર પલાંઠી વાળીને બેસી ગઇ.

'અરે, દાઝી જવાશે. હવે હું રોટલી કેવી રીતે શેકીશ? નિરાલી, તારે સ્કૂલે જવાનું મોડું થશે અને હાં, પપ્પાને પણ...'

'કોના પપ્પા?'

'સોરી બેટા, તારા પપ્પાને ઓફિસ જવાનું મોડું થશે.'

'ઠીક છે, હવે અમીબહેન એટલે કે મમ્મીબહેન તમે બરાબર બોલ્યા. હા, તો હું શું કહેતી હતી?' નિરાલી માથું ખંજવાળવા માંડી.

'લે તારો નાસ્તાનો ડબ્બો... ચાલ જોઉં, નીચે ઉતર તો..'

'આજે મારે રોટલી - શાક નથી લઇ જવું. રોજ એકની એક વસ્તુ નથી ભાવતી. હં, આજે સેવ-મમરા અને ફ્રુટ ડીશ.... પપ્પાન તો તું રોજ પુંછી પુછીને ડબ્બો ભરી દે છે...'

અમીબહેને દીકરી સામે જોયું, સમજી ગયા, આજે એ જુદાં મિજાજમાં છે. ઉતાવળે એમણે બીજો ડબ્બો નિરાલીની ઇચ્છા મુજબનો ભરી આપ્યો.

'હવે ખુશ ને? ચાલો, દફતર લઇ તૈયાર થઇ જાઓ'

'હં, બરાબર, આમ મને માનથી બોલાવવાની. તું પપ્પા, દાદા-દાદી, મોટા કાકા, માસીબા બધાંને માનથી બોલાવે ને જયારે ને ત્યારે મને નિરાલી... નિરાલી તું કયાં છે? એમ બૂમો પાડે તે મને જરાયે નથી ગમતું, કહી દઉં છું...'

નિરાલીએ નાસ્તાનો ડબ્બો ખોલીને ચેક કર્યો તો રાજી થઇ બંધ કર્યો...

'હા માતાજી, મારી મા, તમને હવે માનથી બોલાવીશું હોં.'

'મને માતાજી કેમ કહે છે? હું તારી મા છું કોઇ?'

'ભૂલ થઇ ગઇ, મારા બાપ, ભૂલ થઇ ગઇ.' અમીબહેને વેલણ નીચે મુકી બે હાથે બે કાન પકડ્યા. નિરાલી રસોડાની બહાર નીકળી, એ જ એની મસ્તીભરી ચાલે, હસતી હસતી.

'હે, ભગવાન... આ છોકરી તો...'

'શું થયું? મને યાદ કરતી હતી?' પાછી ફરતાં એ બોલી.

'ના, ના, એ તો ભગવાનને યાદ કરતી હતી...'

'દાદા, ઓ દાદા, મમ્મી તમને બોલાવે છે, જલદી આવો... જલદી આવો...' નિરાલીએ બૂમાબૂમ કરવા માંડી ને એના દાદા તરત રસોડામાં દોડી આવ્યા.

'શું થયું નિરાલી, કેમ બૂમો પાડે છે?'

'અરે દાદા, મમ્મી તમને યાદ કરે એટલે...'

'અમી, શુ થયું બેટા? મારું કંઇ કામ છે?'

'ના, ના પપ્પા એ તો આનાથી કંટાળીને એમ બોલી કે હે ભગવાન...'

'હું કહેતી હતી ને... ભગવાન એટલે દાદા...' દાદા ને મમ્મી બંને ખડખડાટ હસી પડ્યાં. નિરાલી વારાફરતી બંનેના ચહેરા સામે જોઇ રહી.

'બેટા, ભગવાન એટલે હું નહીં, ઉપરવાળો... ઉપરવાળા ભગવાન...'

'તે તમે નીચેવાળા ભગવાન છો? છો તો ભગવાન જ ને? મારે તો બેય સરખાં, સાચું ને દાદાજી?'

'ના બેટા, અમે બે ય જુદા. જુદા એટલે જુદા.' દાદાજી મુંઝાયા.

'કેમ, તમારું નામ પણ ભગવાનભાઇ જ છે ને? મને પણ એ જ થતું'તું કે મમ્મી એટલું ભગવાન કેમ બોલી?' નિરાલી પાછી પ્લેટફોર્મ પર બેસી ગઇ.

'મારું નામ ભગવાનભાઇ અને પેલા એકલા ભગવાન...'

'તે દાદા, તમારા તો કેટલાં બધા નામ છે?! કોઇ તમને ભગવાનભાઇ કહે, કોઇ વળી ભગવાનદાસભાઇ કહે, કોઇ વળી ભગવાનલાલ કહે, કોઇ વળી ભગવાન શેઠ કહે તો વળી તમારા મિત્રો ભગુ કહે... તમારું સાચું નામ કયું? મારે તમને કયા નામે બોલાવવાના?' નિરાલીના પ્રશ્નો ખૂટે તો એ નટખટ નિરાલી શાની?

'તારે તો મને દાદા જ કહેવાનું, હાં - એ જ મારૂં સાચું ને વ્હાલું નામ છે. ચાલ, તને ભગવાન બતાવું, જોવા છે ને?' દાદાએ એને તેડી લીધી. ઘરના પૂજાના રૂમમાં લઇ ગયા.

'જો, આ ભગવાન, આ ય ભગવાન, પણ આ ભગવાન તો બોલતા નથી... અરે આ તો કાનુડો છે... આ તો અંબાજી માતા છે... આ શંકર ભગવાન છે... પણ ભગવાન કયાં? આ તો બધી મૂર્તિઓ છે... દાદીમા રોજ સવારે ઘંટડી વગાડે છે, પૂજા કરે છે, તોય કદીયે એ બોલતા નથી...'

'બેટા, એ બધા જ ભગવાન કહેવાય.'

'પણ ભગવાન એટલે કોણ? કેમ એ ભગવાન કહેવાય? દાદાજી બરાબર મુંઝાયા. આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો? શું આપવો?'

(અનુસંધાન પાના નં. ૬ પર)